॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

નાનસ્ય નાટ્ય રત્ન શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી સંસ્થાપિત

સદ્ગત શેઠ હરગોવિંદદાસ જેઠાભાઈ શાહની

સ્વતંત્ર માલીકીની

શ્રી દેશી નાટક સમાજ

અજય ધારા

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર:

સ્વ. હરગોવિંદદાસ જેઠાભાઈ શાહ

માલેક—શ્રી દેશી નાટક સમાજ.

હાલ મુકામ—ભાંગવાડી થિએટર, મુંબઈ

સને ૧૯૪૦ | સંવત ૧૯૯૬

આવૃત્તિ ૭ મી | પ્રત ૨૦૦૦

કીંમત ૪ આના.

આ નાટકના સર્વ હક્ક શ્રી દેશી નાટક સમાજ માલિક હરગોવિંદદાસ જેઠાભાઇ શાહને સ્વાધીન છે ? મજકુર નાટક અગર તેમાંનો કોઇપણ ભાગ અગર હ વિભાગ અગર ગાયનો કોઇપણ નાટક કંપની અ સીનેમા ફીલ્મ ટોકીઝ અગર ગ્રામોફોન રેકોર્ડીંગ કું અગર રેડીઓ કંપનીએ માલીકના લેખીત પરવાન સિવાય છાપવો છપાવવો ભજવવો ભજવાવવો ગ ગવરાવવો, અગર વેચવો, વેચાવવો નહિ તેમ કોઇ રીતે ઉપયોગ કરવો નહિ.

લી૦

મહુંમ હરગોવિંદદાસ જેઠા

તા. ૨-૮-૪૦ માલે —શ્રી દેશી નાટક

આ ચોપડી "ભાનુ પ્રીન્ટીંગ પ્રેસ"માં
શ્રી દેશી નાટક સમાજ માટે છાપી.
ઠે૦ નવી હનુમાન ગલી મુંબઇ ૨.
તા. ૨-૮-૪૦

સ્વર્ગસ્થ સાક્ષરરત્ન શ્રી ડાહ્યાભાઈ ધોળસાજી ઝવેરી સંસ્થાપિત

શ્રી દેશી નાટક સમાજ

અ જ ય ધા રા

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

લેખક—પ્રભુરામ દયારામ દ્વિવેદી.

છપાવી પ્રસિધ્ધ કરનાર,

હરગોવિંદદાસ જેઠાભાઇ શાહ

માલેક—શ્રી દેશી નાટક સમાજ.

હાલ મુકામ—ભાંગવાડી, પ્રીન્સેસ થીએટર :: મુબઈ.

સંવત ૧૯૯૬] [ઇ. સ. ૧૯૪૦

આવૃતી ૭ મી પ્રત ૨૦૦૦

કીંમત ૪ આના.

"અજય ધારા"

નાટકના પાત્રોનો પરિચય.

પુરૂષ વર્ગ.


સિદ્ધરાજ જયસિંહ—ગુજરાતનો મહારાજાધિરાજ
ત્રિભુવનપાળ—તેનો સેનાધિપતિ
સામંતસિંહ—સેનાપતિ
નરવર્મા—માળવાનો વૃદ્ધ મહારાજા
યશોવર્મા—માળવાનો યુવરાજ પછીથી મહારાજા
લક્ષ્મીવર્મા—એક રાજકુમાર
અજયવર્મા—માલવ સેનાપતિ
આચાર્ય—અવન્તીના વિદ્યાપીઠનો આચાર્ય
ટીડો—એક બની બેઠેલો જોશી
પરબત – નાના ગામનો મુખી પટેલ
વાઘજી—સૈન્યમાં નોકરી કરતો એક બ્રાહ્મણ
રામેશ્વર—ટીડાનો ભત્રીજો.

ઉપરાંત—સેનાપતિઓ, નાગરીકો, પ્રજાજનો, સૈનિકો વીગેરે.

સ્ત્રી વર્ગ.

શશીકળા—ગુજરાતની મહારાણી.
મુકતાવળી—યશોવર્માની અર્ધાંગના
લતા—લક્ષ્માવર્માની પ્રિયતમા.
સંતુ—ટીડાની સ્ત્રી.
ઉજળી—પટેલની સ્ત્રી.
અંબા—વાઘજીની પુત્રી

ઉપરાંત—સખીઓ, દાસીઓ, નાગરિકાઓ ઇત્યાદિ.
સ્થળ—ધારા ઉજ્જયિની અને પાટણ.



"અજય ધારા" નાટકનો ટુંક સાર.

મંગળાચરણ અને વસ્તુ સુચન.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો—સિધ્ધરાજ જયસિંહે માળવા સાથે યુધ્ધ શરૂ કર્યું એને દસ વરસ વીતિ ગયાં છે છતાં હજી માલવ દેશ જીતાયો નથી જેથી સિધ્ધરાજના સૈનિકો માળવાના પ્રજાજનો પર તેમના રાજાને મદદ કરવા ગુન્હા માટે જુલમ ગુજારી રહ્યા છે પણ સિધ્ધરાજ પ્રજાપર જુલ્માટ ગુજારવાની સાફ ના પાડે છે ત્યાં માલવ સેનાપતિ અજયવર્માનું આગમન યાત્રાળુઓને મહાકાળ મહાદેવનાં દર્શન થાય એટલા માટે બન્ને પક્ષોએ બે દિવસ લડાઇ બંધ રાખવાની માંગણી. તે માગણીનો સ્વીકાર ત્યારબાદ ત્રિભુવનપાળ અને અજય વચ્ચે વાદવિવાદ અને અજયનું ગુર્જર સૈન્યમાંથી છટકી જવું.

પ્રવેશ ૨ જો—અજયવર્મા છટકી ગયો એથી ક્રોધે ભરાયેલો ત્રિભુવનપાળ ત્યાં મળવાની સરહદ પર ચોહાણોએ લડાઇ જગાડયાના

સમાચાર એ લડાઈ શમાવવા માટે ત્રિભુવનપાળને જવું પડે છે ત્યારબાદ દસદસ વરસથી માલવદેશ જીતાતો નથી. એથી ક્રોધે ભરાયલી રાણી વિજય જલદી મેળવવા માટે સિધ્ધરાજને ઉશ્કેરે છે. અને માળવાની રાજ વ્યવસ્થા જોવા માટે યાત્રાળુ વેશે સિધ્ધરાજ એકલો ઉજ્જયનીમાં જવા તૈયાર થાય છે.

પ્રવેશ ૩ જો—મહાકાળની યાત્રાએ આવેલો ટીડો અને તેની સ્ત્રી. પૈસા ખુટી પડયા છે તે મેળવવા માટે ટીડાની સ્ત્રી સંતુ ટીડાને બનાવટી જોશી બની અને ભોળા ગામડીઆઓને છેતરવાની સલાહ આપે છે અને ટીડો એ યુકિતમાં કંઇક ફાવે છે.

પ્રવેશ ૪ થો—મુકતાવળી સખીઓ અને યુવરાજ યશોવર્માનો વાણી વિનોદ ત્યાં યાત્રાળુ વેશમાં આવેલા સિધ્ધરાજને લક્ષ્મીવર્મા પકડી લાવે છે. બન્ને પ્રતિસ્પર્ધાઓનો માર્મીક અને વીરત્વ ભર્યો વિવાદ આવતી કાલે ધારા જીતવાની સિધ્ધરાજની પ્રતિજ્ઞા સાંભળ્યા પછી તેને જવા ન દેવો એવો અજયવર્માનો આગ્રહ છતાં યશોવર્માની ઉદારતા અને નરવર્માની આજ્ઞાથી સિધ્ધરાજને માન સહિત વિદાય.

પ્રવેશ ૫ મો - જોશી બની બેઠેલા ટીડાને સ્ત્રી સમજાવે છે કે આ દંભ ઝાઝા દિવસ ચાલશે નહી પણ ફાવી ગયેલો ટીડો તેનું કહ્યું માનતો નથી. ગપાટા હાંકયે રાખે છે. અને ભાગ્ય જોગે તેનું કહ્યું કંઇક સાચું પણ પડે છે જેથી દંભ વધે છે અને ભોળા લોકો છેતરાય છે.

પ્રવેશ ૬ ઠો—સિધ્ધરાજનું આખું સૈન્ય ધારાના કિલ્લાપર ધસી ગયું છે અને સિધ્ધરાજ પોતે થોડાક અંગ રક્ષકો સાથે કિલ્લા પર જાય છે, ત્યાં રસ્તામાં એક સાંકડી જગ્યાએ વૃધ્ધરાજા નરવર્મા અને લક્ષ્મીવર્મા તેનો માર્ગ રોકીને ઉભા છે. ત્યાં લડાઇ, તેમાં સિધ્ધરાજ ઘાયલ થાય છે. અને નરવર્મા મરણતોલ હાલતમાં જખ્મી થાય છે. ત્યાં યશોવર્મા આવે છે અને નરવર્માને છુપે રસ્તેથી કિલ્લામાં લઇ જાય છે. ગુર્જર સૈનિકોને છુપારસ્તાની ખબર નથી જેથી એમની પાછળ જવું છોડી દઇને બધાજ ધારાના કિલ્લાપર જાય છે. પછીથી ધારાના કિલ્લાનો એક નીચાણવાળો ભાગ અને સાંજ પડવાની તૈયારી ગુર્જર સૈનિકોને તે તરફ આવતા જોઈ અજયવર્મા કિલ્લાની ખાઈમા આગ સળગાવે છે, અને શત્રુઓને આગળ વધતાં અટકાવીને પોતે છટકી જાય છે, ત્યાં સુર્યાસ્ત થઇ ચુકયો ધારાગઢ ન જીતાયો અને ચાલુક્યરાજ પ્રતિજ્ઞા પુરી ન થઈ.

પડદો

અંક પહેલો સમાપ્ત

અંક બીજો

પ્રવેશ ૧ લો— યશોવર્મા નરવર્માનો સ્વર્ગવાસ થવાથી શોકમાં લક્ષ્મીવર્મા સાન્તન આપે છે અને આવતી કાલના રાજ્યાભિષેકનો નિર્ણય જાહેર કરે છે. ત્યાં અજયવર્માની ભાવી યુધ્ધની યોજનાઓ અને યશોવર્માને ઉત્સાહ–સર્વના ગયા પછી લતા અને લક્ષ્મીવર્માનો પ્રેમ પ્રસંગ.

પ્રવેશ ૨ જો=પ્રતિજ્ઞા તુટવાથી સિધ્ધરાજ જયસિંહની ગંભીર બીમારી-મહારાણી શશીકળા પોતાના સરદારોની સલાહ પુછે છે સેનાપતિ સામંતસિંહ હાલ તરત માટે ગુર્જરેશ્વરની બીમારી દુર ન થાય અને નવું સૈન્ય એકત્ર ન કરી શકાય ત્યાં સુધી સુલેહ કરવાની સલાહ આપે છે ગુર્જરેશ્વરી આવા નિર્માલ્ય વચનોથી ઉશ્કેરાઇ સામંતસિંહના હથીઆર પડાવી લઈ તેને પોતાના સૈન્યથી દુર કરે છે ત્યાં ત્રિભુવનપાળનું આગમન તેને જોતા સર્વમાં નવીન ચેતન્યનો સંચાર અને ધારા જીતવાનો ઉત્સાહ.

પ્રવેશ ૩ જો— ફુલવાડીમાં રામેશ્વર અને અંબાની બાળચેષ્ટા ત્યાં ટીડો અને તેને ખોળતો વાઘો પણ આવી ચડે છે સાચું ખોટું સમજાવીને વાઘાને અને ગુર્જર રાજ્યમાંથી દેશપાર થયેલા સામંતસિંહને પણ બનાવે છે દેશદ્રોહી બનેલો સામંત હવે

ધારા તરફ જાય છે. ત્યારબાદ સંતુ આવતા તેની સમજાવટથી ટીડો ગામ છોડવાનો ઠરાવ કરે છે.

પ્રવેશ ચોથો—મુક્તા લતા અને સખીઓનો વાર્તા વિનોદ, ત્યાં યશોવર્મા આવે છે અને સામંતસિંહ આવી સિધ્ધરાજને ચાલુ લડાઈમાં પરાજય આપવાની શરતે નોકરી માગે છે. ધર્મવીર યશોવર્મા તેને દેશ દ્રોહી તરીકે ધીટકાર આપે છે, અને વિદાય કરે છે. અને ધારાગઢ ઉપરના ચાલુ ઘેરાથી હવે કિલ્લામાં અનાજ ખુટી જવાથી પ્રજામાં ભુખમરો શરૂ થયો છે. જેથી લક્ષ્મીવર્માને કોઇપણ પ્રયત્ને કિલ્લામાં અનાજનો જથો લાવવા વિદાય કરે છે, બાદ યશોવર્માની ચિંતા અને પ્રજા પાલનના પ્રયત્નો.

પ્રવેશ પાંચમો—પ્રજાની હાલત તપાસવા નીકળેલો અજયવર્મા ભુખમરાથી રીબાતી પ્રજાના કમકમાટી ઉપજાવનારા દ્રશ્યો—યશોવર્મા પોતાનીજ પ્રજાની આવી દુર્દશા જોઇ સિધ્ધરાજની છાવણીમાં પોતાની મેળેજ હાજર થઈ કેદ થવા તઇયાર થાય છે. ત્રિભુવનપાળે ધારાના કિલ્લાપર ધસારો કર્યાના સમાચાર અને પ્રજા જનોની પોતાના નગરના રક્ષણ માટે આતુરતા.

પ્રવેશ છ ઠો—પટેલ અને પટલાણીની પોતાના અધિકાર માટે તકરાર થાય છે. ટીડો જોશી આવે છે. અને બુદ્ધિપુર્વક બન્નેનું સમાધાન કરાવે છે, બાદ ટીડો જોશી પોતાની સ્ત્રી તથા ભત્રીજા અને અંબા સાથે પોતાના દેશ તરફ વિદાય થાય છે. બાદ વાંધો

આવતાં ટીડાનાં ભોપાળાં ખુલ્લાં થઈ જાય છે અને વાઘો તેનો પાછળ જવા તઇયાર છે.

પ્રવેશ સાતમો— સિધ્ધરાજ ગોઠવેલી સુરંગમાં કોને મોકલવો તેનો વિચાર કરે છે. ત્યાં પોતાને લાગેલા કલંકનું નિવારણ કરવા સામંતસિંહ પોતાના પ્રાણનું બલીદાન આપી સુરંગમાં ધસી સુરંગ સળગાવે છે સુરંગથી કિલ્લાનો માર્ગ ખુલ્લો તથા સઇનકો કિલ્લામાં ધસી જાય છે. ત્રિભુવનપાળ દાખલ થતાં અજયવર્મા સામો થાય છે બન્ને યુધ્ધમાં ઉતરે છે અને અજયવર્મા મરાય છે ધારાગઢ તુટે છે યશોવર્મા કેદ પકડાય છે.

— ધારાપતન —

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો

પ્રવેશ પહેલો—યશોવર્મા કેદ થયા પછી રાણી મુકતાવળી ભીલવાસમાં આવી રહી છે. ત્યાં લક્ષ્મીવર્મા આવે છે, અને સિધ્ધરાજના કારાગારમાંથી યશોવર્માને છોડાવી લાવવા રજા માંગે છે, મુકતા આશીષ સાથે વીદાય આપે છે.

પ્રવેશ બીજો—માલવદરબારમાં સિધ્ધરાજ યશોવર્માનું માન ભંગ કરવા તત્પર થાય છે યશોવર્મા જરાપણ નમ્યુ આપતો નથી સિધ્ધરાજ યશોવર્માની ચામડી ઉતારી પોતાની તલવારની મ્યાનપર ચડાવવા હુકમ કરે છે. ત્રિભુવનપાળ તથા ગુર્જરેશ્વરી શશીકળા આ હુકમની સામે થાય છે લક્ષ્મીવર્મા પણ નવી લડાઇનો ભય બતાવતો ત્યાં આવી પહોંચે છે સિધ્ધરાજને ન છુટકે રાણી અને ત્રિભુવનપાળના આગ્રહને માન આપવું પડે છે, પણ યશોવર્માને મુકત કરતાં પહેલાં એકવાર અવાન્તનાથ બની ભોજ અને વિક્રમના સિંહાસન પર ચડવા ચાહે છે પણ આસનપર પગ મુકતાજ દૈવી ચમત્કારથી ગુર્જર નરેશ વીર વિક્રમના આસન પર ચડી શકતો નથી. આ રીતે ધારાગઢ જીતાયો પણ ધારાના પ્રાણ સમુ અવન્તીનું સિંહાસન તેનાપર ગુર્જરેશ્વરથી ચડી શકાયું નહી. અને ગુજરાત સાથે મિત્રતા રાખે એ શરતે માલવ દેશ યશોવર્માને પાછો સોંપવામાં આવ્યો.

૧૧ ૨૨૫૯૯

પ્રવેશ ત્રીજો—ટીડો સંતુ રામેશ્વર તથા અંબા પાટણમા આવ્યા છે ત્યાં વાઘો તથા પટેલના એક સાચા જોશી સાથે આવે છે. સાચો જોશી ટીડાની પરીક્ષા કરે છે. ટીડો ગુંચવાય છે અને પોલ પકડાઇ જાય છે જ્યોતિષ શાસ્ત્રને વગોવવા માટે ટીડાને ફીટકાર આપે છે, ટીડાનો પશ્ચાતાપ અને ખરો જ્યોતિષ શાસ્ત્રી થવાની અભિલાષા અંતે અંબા તથા રામેશ્વરનાં લગ્ન.

પ્રવેશ ચોથો—માલવ વિદ્યાપીઠના આચાર્યના હાથે ગુર્જરનાથે કરેલી ગુજરાતના કલામંદીર સમા; રૂદ્ર મહાલયની સ્થાપના.

શાન્તિ ? શાન્તિ ! શાન્તિ ? ? ?

અંક ત્રીજો સમાપ્ત.

શ્રી

"અજયધારા" નાટકનાં ગાયનો

મંગળાચરણ

જય જય જગદાધાર વંદન કરી વારવાર
મંગળ સ્તવન કરૂં કૃપાળ.
જગત તવ લીલા સમાન નીરખી ભુલાએ ભાન—
ટાળ અજ્ઞાન; જ્ઞાન અરપી કરૂણા નિધાન.
કરજે કરૂણા અપાર
આણું આણું માં તું અનુપ વિલસે વિધ વિધ સ્વરૂપ
નિર્વિકલ્પ નિર્વિકાર—

બાળાઓ— ૧

વ્હાલા જેને હતાં શુરાતન વ્હાલી નહોતી કાયા
રજપુત વટને કારણ રણમાં રમતા રાણી જાયા
જેને વહાલી ન્હોતી કાયા
હતાં ઘરેઘર સ્વતંત્રતાનાં માન અને અભિમાન
એ યુગના કંઇ અમર પ્રસંગો ઇતિહાસે નોંધાયા—

હતાં રાજવટ હતાં ટેકને હતાં આત્મ સન્માન
નામ યુદ્ધ કાને પડતાં ન્હોતા કદી છુપાયા—
આજે કયાં એ ક્ષત્રીવટને કયાં ખાંડાના ખેલ
આજે મોહ વધ્યા જીવનના ભુતકાળ વીસરાયા
એને વ્હાલી ન્હોતી કાયા

સંતુ— ૨
બાઇરે મારો પરણ્યો શૃંગારી સુજાણ છે
બોલવામાં પુરો અને બધી વાતે શૂરો
પણ અકકલની થોડીક તાણ છે...બાઇરે...
રીત વ્હેવારની લેશ ન પિછાણે
કામકાજ કરવું કમાવું ન જાણે
તોયે એ જીવન પ્રાણ છે...બાઈરે...
કોને કહીએ વાત અંતરની આવી
પડયુ પાનારૂં તે લઇએ નીભાવી
એમાં જીવનની લ્હાણ
હાંરે ગણી એમાં જીવનની લ્હાણ છે....બાઇરે...

સંતુ અને હીરો— ૩
ચાલ્યું પોલમ પોલ જગતમાં ચાલ્યું પોલમ પોલ
આ વાતો છે અણમોલ...જગતમાં
પરમેશ્વરથી પ્રથમ ઉપજયું આકાશ પોલમપોલ
ચાંદો સુરજ ભ્રમણ કરે છે વચ્ચે પૃથ્વી-ગોળ-આ વાતો

તમે કરો છો ગોળ ખોળનો એક ભાવથી તોલ
દુનીયાં એવી નથી આંધળી નહી ચાલે આ પોલ....આ વાતો
શ્રીફળ પોલુ કોળુ પોલુ કોઠામાં પણ પોલ
આવા વિચાર કરતાં ભેજુ ચડી જશે ચકડોળ....આ વાતો

મુકતા અને સખીઓ— ૪

આજ સખી અંતરની પુછું એક વાત કહો
મીઠી સંધ્યા કે સખી મીઠડાં પ્રભાત કહો—
બન્ને લાગે મધુર બન્નેથી દુ:ખ દુર
બેમાંથી કોણુ રળીઆત કહો—
સુખીઆને સાંજ ગમે દુખીયાં જન દિવસ ગણે
ઘેલાંને કાંઈ ન ગમે શાણાને સર્વ ગમે
વિરહીને સૌ સમાન દિવસ અગર રાત કહો—
હમણાં રાત્રી થશે ને પ્રીયતમની પાસ જશું
એવા ઉત્સાહે નહિ રહે ભાન સાન કશું
સંધ્યા રસરાજ તણી સજની સાક્ષાત કહો—

મુકતા—યશોવર્ણા-સખીઓ ૫

જયાં નથી ગરજ તલ ભાર સખી ત્યાં ગરજુ થઇ કાં જઇએ
છે એ જીવન આધાર એમને ઝાઝું તે શું કહીએ
અંકાય નહી અણમુલ સ્નેહનાં મુલ કદી આ રીતે
સજની નવીન કોઇ રીત શીખવશે આજ પ્રિતમજી પ્રીતે—

જળ સરીતાનાં જેમ રત્નાકરમાં ભળી થાય છે ખારાં
અમે ભળ્યાં તમોમાં એજ પ્રકારે નથી લેશ પણ ન્યારાં
છે એજ સ્નેહ ત્યાં માન અને અપમાન તણી શી પરવા
યાચો ક્ષમાના દાન કરો રસ પાન કલહ પરીહરવા.

યશોવર્મા અને સિદ્ધરાજ ૬

ચાર દિવસ ચડતી મળી ત્યાં આવ્યું અભિમાન
પાછળ પડતી હોય એ ભુલી ગયો અજ્ઞાન
રે પ્રભુતાના વ્યર્થ ગુમાની
છે પડતી એજ નિશાની મનમાં ધરે ગુમાની
રાજ્ય લોભને કારણ જગવે કલેશ વૃથા અભિમાની—

ટીડા અને સંતુ— ૭

સમજી બનો કંઇ શાણા આ નહી નભે જુઠાણા
કહેશો પછી અટવાણારે—સમજી
નસીબ હોય જ્યાં સીધું ત્યાં સહુ જુઠું સાચું થાય
બાર રાશીને નવે ગ્રહોમાં ટીડો નવ અટવાય
આખર ખત્તા ખાશો ત્યારે કહેશો આવી ભરાણા—
નથી જોષ શીખ્યો નથી જોઈ કાશી
ન જાણ્યું ગ્રહો કે નહી જાણી રાશી
છતાં ભાગ્યનો વેગ ઉંચે ચડે છે
ટીડા જોશીના બોલ સાચા પડે છે

અંક પહેલો સમાપ્ત

અંક બીજો.

સખીઓ— ૮

છે એક ધારા જાન્હુવીની વિશ્વના પાતક હરે
બીજી મનોહર મેઘ ધારા જે ધરા રસમય કરે
ત્રીજી સુધા ધારા શશીની જે સુધા સ્નેહે ભરે
છેલ્લી ખડગ ધારા વીકટ જેને વિજય લક્ષ્મીવરે
એ સર્વ આજ ધારા નગરમાં વર્ષી રહી
ગાજ્યા વિજયના મેઘને માલવભુમી હર્ષી રહી

લતા અને લક્ષ્મી— ૯

માન ઘેલા મોહનજી સ્વીકારો મોહનમાળા
માંઘ પ્રીતિની જાળ ત્યાં ફસાવું શું કામ
મન ભાવે ને માન ખાઓ ઠાલા...સ્વીકારો
રીસ ઝાઝી રસીકવર રાખીએ ન આમ
સ્નેહ બાંધી સ્નેહીને સતાવીએ ન આમ
એને કહીએ રસીકતાના ચાળા

સુજાણ ગુણશાળા......સ્વીકારો.

સિદ્ધરાજ— ૧૦

ધારા લોહીની મેઘ વિષે ને ઇન્દુમાં અંગાર વસ્યો
વ્યર્થ પ્રતિજ્ઞા કરનારાના પાપે સુરજ શ્યામ થયો

卐 卐 卐 卐

ઉઠો રણધીર વીર નિદ્રા વિસારો
ખેંચો તલવાર તીર બખ્તર ન ધારો
ખેલો સંગ્રામ આજ ન્યારા રેલો રૂધીરની ધારા

卐 卐 卐 卐

હસ્તા પ્રભાત આજે ડંકા નિશાન ગાજે
કિસ્મતના રંગ ઝળકયા સંધ્યાની જ્યોત ઝળકી
ઉભી છે અડગ ધારા

અંબા અને રામેશ્વર— ૧૧

દાણલીલા રમશું રસાળ ચંબેલી બાગમાં
ગોપી હું થઇશ તું થાજે ગોપાળ--ચંબેલી બાગમાં
મહીની મટુકી લઇ મારગડે જાજે
મુજને જોતાં વૃક્ષ ઓથે છુપાજે
ચડજે કદમ્બ કેરી ડાળ—

વાંસળી નહીં મળે તો વાંસડો લઇશું
ફોડી મટુકી તને મહીથી ભીંજવશું
તો ખાઇશ મારા મુખડાની ગાળ—

કા'ન તારી ટોપીમાં ફુલોનાં છોગલાં
ચટકતી ચાલ તારાં નેણાં સોહામણાં
લટકાળા લાલ હવે ચાલ—

સંતુ અને હીરા— ૧૨

આ ગામમાં તે શ્યે રહેવાયરે મારૂં નામ પાડયું છે
સંતુ રંગીલી
પહેરી ઓઢી ફરવું અમને ગમે છે
હાથ જોડી બાઇ બ્હેન મુજને નમે છે
પીટયાં અદેખાં દેખીને બળી જાયરે—આ ગામમાં
દુનીઆથી ડરવી નહીં પરમેશ્વરથી ડર
ધર્મ નીતી સાંભળીને કરતી હોય તે કર
રાખત હિંમત શું થાએ હઠીલી—મારૂ નામ
ભલેને લોક કહેતા કે સંતુ રંગીલી...... ....

મુક્તા અને સખીઓ— ૧૩

શીખ્યાં અમે જીવનમાં એક શ્યામ નામ સજની
એ નામના રટણમાં શ્યે જાય દીન રજની

લાગે અજબ લગન જ્યાં દીલડા બને દીવાનાં
ડાહ્યા મટી દીવાનાં થાવું શું કામ સજની
છે સ્નેહ એ સમાધી ત્યાં ન્હોય વાસનાઓ
એ સ્નેહ સાધનાને સો સો પ્રણામ સજની

મુક્તા અને સખીઓ— ૧૪

સ્વભાવ છે એ પુરૂષોના કે માન વધારે માગે
સહનશીલતા સ્રીનું ભુષણ શાણી તે નવ ત્યાગે;
વણ અપરાધે સજા હોય ત્યાં કલેશ કેમ નવ ત્યાગે
વહાલા જનનાં વાંકનજોઈએજ્યાં રહીએ અનુરાગે
સ્નેહીના પણ મર્મ વચન કહો કડવા કેમ ન લાગે
ગુલાબના શોખીન થઈએ તો કદાચ કાંટા વાંગે

યશોવર્મા— ૧૫

જ્યાં રંક પ્રજાને આજ મળે નહી એક વખત આહાર
ત્યાં રૈયતના સ્વામીને ક્યાં ભોજનનો અધિકાર—
નીજ મહેનતના જે કર ભરતા
રાજ્ય ખજાના એ તર કરતા
તેનું દુઃખ દીલે નવ ધારે એ નૃપને ધિક્કાર—
રાજ્ય ઇમારત પ્રજા છે પાયા
રાજ્ય સિંહાસન ત્યાં મંડાયા
પ્રજારૂપી પાયા ડગમગતા ક્યા આસન ટકનારા

પટેલ-પટલાણી-સંતુ-ટીડા-
અંબા અને રામેશ્વર— } —૧૬

જોશીજી પાટણ જઈને પહેલો વ્હેલો સંદેશો મોકલજો
ક્ષેમ ખેમ પોચ્યા એમ પાયે લાગીએ મહારાજ
પટેલજી પુરા છો પુણ્યવાન ધરજો અંબામાનું ધ્યાન
રાખજો પટલાણીના માન તમારૂં પ્રભુ કરે કલ્યાણ
મારા બાપાને વિનવજો અંબા સુખમાં છે કે'જો
કે'જો હરીભજનમાં રે'જો ચિન્તા ના કરતા મહારાજ
કાકી રાખે છે બહુ રાજી એથી તનમાં થઇ છે તાજી
રાજી માજીને કાકાજી જરૂર કે'જો આનું આજ......

અંક બીજો સમાપ્ત

અંક ત્રીજો.

ભીલડીઓ—   ૧૭

આજે આવ્યો છે ફાગણ માસરે નણદીના વીરા રે
અમને હોરી ખેલ્યાની આશરે નણદીના વીરા રે
મોર આવ્યા આંબાની ડાળી ડાળી
ડાળે ડાળે કોયલ બોલે કાળી કાળી
વારે વારે આવે છે યાદ તારી હો નણદીના વીરા રે
હોંશ પુરી કરો અમારી હો નણદીના વીરા રે

મુક્તા—   ૧૮

મુગટમણી મમ કાન્ત મનોહર વસતા બંદીવાસે
ત્યાં મારે મન દુનીયા આખી કારાગૃહ સમ ભાસે
નથી હંસી હું કે જળ સુકી ઉડી જાઉં આકાશે
હૃદય અમારાં કમળ સરીખાં જળ સુકે સુકાશે
પ્રીયતમની છાયામાં સજની કંટક શયા રૂચે
એ છાયાવિણ ફુલ શયા પણ કંટક સમ લેખાશે.

સંતુ અને ટીડા—   ૧૯

બત્રીસ વર્ષે સાજાબો મારો આવ્યો ભણુવા કાજ
પુર્વના સંસ્કાર હતા તે જાગી ચુક્યા આજ
પીયુજી કેમ ભણાશે રે મન સંસારમાં જાશે
મન છે મારૂં વિદ્યા રૂપે સંસાર વિદ્યા રૂપ
વિદ્યા રૂપે હું માનીશ તુજને, એવો થઇશ અનુપ
કહો તે કંઇ ન થાશેને, મન સંસારમાં જાશે
ગ્રંથો ગોખતાં દુઃખશે માથુ જડબા થાકી જાય
મનમાં આવી જ્યાં મુરતી મારી બધુંય ધબાયનમઃ
ચિત્ત ધરે આવા જ્હાશેરે, કંથ મારા કેમ ભણાશે

સમાપ્ત

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો જ્યાં જ્યાં મુકામ હોય ત્યાંથી મળશે.

૧ સતી સંયુક્તા
૨ સંગીત લીલાવતી
૩ પવિત્ર લીલાવતી
૪ સતી પાર્વતી
૫ અશ્રુમતી
૬ રામ વિયોગ
૭ મ્યુનીસીપાલ ઇ.
૮ ભોજ કુમાર
૯ સરદારબા
૧૦ ઉમાદેવડી
૧૧ વીણાવેલી
૧૨ વિજયા વિજય
૧૩ મદન મંજરી
૧૪ ઉદયભાણ
૧૫ મોહીનીચંદ્ર
૧૬ ગીતા સુંદરી
૧૭ સતી સીતા
૧૮ ભદ્રાયુ
૧૯ સતી દ્રૌપદી
૨૦ અસુરી માયા
૨૧ શ્રી સન્યાસી
૨૨ જાલીમ દુલીયા
૨૩ સતી પદ્મીની
૨૪ અજીતસીંહ
૨૫ રૂકમીણી હરણ
૨૬ સતી દમયંતી
૨૭ કેશર કીશોરી
૨૮ ઉર્વસી
૨૯ રાઠોડ કન્યા
૩૦ સુભદ્રા હરણ
૩૧ પવિત્ર લગ્ન
૩૨ હંસા કુમારી
૩૩ કુસુમલતા
૩૪ ગુલબકાવલી
૩૫ અભયસીંહ
૩૬ કર્મફળ
૩૭ નરસીંહ મહેતા
૩૮ કૃષ્ણ સુદામા
૩૯ સગાળશા
૪૦ મહાકવી કાલીદાસ
૪૧ રાજ રત્ન
૪૨ પ્રલ્હાદ વિજય
૪૩ કઉરવપાંડવ ભા. ૧
૪૪ જળંધર સતી વૃંદા
૪૫ કઉરવપાંડવ ભા. ૨
૪૬ લલિત ગિયા
૪૭ સઉદર્ય
૪૮ દેવી દેવહુતી
૪૯ મહારાજા અશોક
૫૦ સતી સુલોચના
૫૧ સરસ્વતીચંદ્ર
૫૨ બોલતો કાગળ
૫૩ સિધ્ધાર્થ બુધ્ધ
૫૪ દગાબાજ દુનીયા
૫૫ દેવી દમયંતી
૫૬ માયાના વીર
૫૭ મયુરધ્વજ
૫૮ વિજયધ્વજ
૫૯ વલ્લભીપતી
૬૦ વસંતવિણા
૬૧ કામલતા
૬૨ સત્યવાદી હરીશ્ચંદ્ર
૬૩ દેશ ભક્તિ
૬૪ માનળ મુંજળ
૬૫ દીવાન
૬૬ રાજ્ય સંસાર
૬૭ લક્ષ્મી
૬૮ વીરપુજન
૬૯ સમાજ સેવા
૭૦ વીર રમણી
૭૧ દેવી હોથલ
૭૨ દેશ દીપક
૭૩ સત્તાનો મદ
૭૪ કીર્તિ સ્થંભ
૭૫ અજયચારી
૭૬ અંશાવતાર
૭૭ વીર ભુષણ
૭૮ શાંભર રાજ
૭૯ આત્મ નિર્ણય
૮૦ આર્ય અબળા
૮૧ સતી પ્રભાવ
૮૨ સોરઠી સિંહ
૮૩ વિધીના ખેલ
૮૪ સાચો સજ્જન
૮૫ ઉગતો ભાનુ
૮૬ વડીલોના વાંકે!
૮૭ ઉદય પ્રભાત

શ્રી દેશી નાટક સમાજ—**હરગોવીંદદાસ જેઠાભાઈ શાહ.**